સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં.1 મેગેઝિન

# ICE® MAGIC

## WEEKLY CURRENT AFFAIRS

WEEK 17

APRIL 2024
21-04-24 To 27-04-24

સંપાદક
મૌલિક ગોંધિયા











સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને **ફ્રી મટીરિયલ્સ** તેમજ **રેગ્યુલર કરંટ અફેર્સ** મેળવવા માટે ક્લિક કરો.

# Timeline

**21 APR-2024**


- દિવસ મહિમા : 21 નેશનલ સિવિલ સર્વિસ ડે (National Civil Service Day), વિશ્વ સર્જનાત્મકતા અને નવીનતા દિવસ ........ 02
- ચૈત્ર સુદ તેરસ, મહાવીર જયંતિ (ભગવાન મહાવીર જન્મજયંતિ) ........ 03
- શ્રી નલીન પ્રભાતની NSGના ડિરેક્ટર જનરલ તરીકે નિમણૂક ........ 04
- QUESTION ANSWERS ........ 05


**22 APR-2024**


- દિવસ મહિમા : 22 એપ્રિલ, વિશ્વ પૃથ્વી દિવસ (World Earth Day) ........ 06
- મેન પોર્ટેબલ એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલ (MPATGM) ........ 06
- એશિયન રેસલિંગ ચેમ્પિયનશિપ 2024 ........ 07
- નાઈજીરિયાએ Men5CV રસી રજૂ કરી ........ 07
- QUESTION ANSWERS ........ 09


**23 APR-2024**


- દિવસ મહિમા : 23 એપ્રિલ, વિશ્વ પુસ્તક દિવસ (World Book Day), અંગ્રેજી ભાષા દિવસ (English Language Day) ........ 10
- પૂર્વી લહેર કવાયત (Exercise Poorvi Lehar) ........ 11
- શ્રી ડી ગુકેશએ 2024 FIDE કેન્ડિડેટ્સ ચેસ ટુર્નામેન્ટ જીતી ઈતિહાસ રચ્યો ........ 11
- QUESTION ANSWERS ........ 13


**24 APR-2024**


- દિવસ મહિમા : 24 એપ્રિલ, રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ, World Lab Animal Day (World Day for Animals in Laboratories) ........ 14
- ડ્રેગન ફ્લાય રોટરક્રાફ્ટ મિશન ........ 16
- કચ્છમાંથી વાસુકી નાગના અવશેષો મળ્યા ........ 16
- પાવુલુરી સુબ્બા રાવને અવકાશ વિજ્ઞાન યોગદાન માટે આર્યભટ્ટ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા ........ 17
- QUESTION ANSWERS ........ 18


**25 APR-2024**


- દિવસ મહિમા : 25 એપ્રિલ, વિશ્વ મેલેરિયા દિવસ (World Malaria Day) ........ 19
- સેટેલાઈટ ટેક્નોલોજી દિવસ 2024 ........ 20
- ભારતની સૌથી મોટી આબોહવા ઘડિયાળ ........ 20
- માધવપુર (ઘેડ)નો મેળો ........ 21
- QUESTION ANSWERS ........ 23


**26 APR-2024**


- દિવસ મહિમા : 26 એપ્રિલ, વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ (World Intellectual Property Day) ........ 25
- Crystal Maze 2 મિસાઈલનું સફળ પરીક્ષણ ........ 25
- ICC મેન્સ T20 વર્લ્ડ કપ એમ્બેસેડર ........ 26
- શ્રી સૌરવ ઘોસાલે પ્રોફેશનલ સ્કવોશમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી ........ 26
- QUESTION ANSWERS ........ 27


**27 APR-2024**


- ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ વિશ્વનું 10મું સૌથી વ્યસ્ત એરપોર્ટ ........ 28
- ચિપકો આંદોલનના 50 વર્ષ પૂર્ણ ........ 28
- QUESTION ANSWERS ........ 30

ONE LINER ........ 31

QUESTION OF THIS WEEK ........ 34


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 21 એપ્રિલ, (1) નેશનલ સિવિલ સર્વિસ ડે (National Civil Service Day) (2) વિશ્વ સર્જનાત્મક્તા અને નવીનતા દિવસ (World Creativity and Innovation Day)

### નેશનલ સિવિલ સર્વિસ ડે



ભારતમાં નાગરિક સેવા સાથે સંકળાયેલા અધિકારીઓના કાર્ય અને પ્રયત્નોને પ્રોત્સાહન આપવા અને તેને બિરદાવવા માટે દર વર્ષે 21 એપ્રિલના રોજ 'નેશનલ સિવિલ સર્વિસ ડે'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણી નિમિત્તે પબ્લિક એડમિનિસ્ટ્રેશનમાં ઉત્કૃષ્ઠતા માટે વર્ષ 2006થી દર વર્ષે ત્રણ કેટેગરીમાં પ્રધાનમંત્રી એવોર્ડ પણ એનાયત કરવામાં આવે છે.
- આ દિવસે એટલે કે 21 એપ્રિલ, 1947ના રોજ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલે નવી દિલ્હીના મેટકાફ હાઉસમાં ઓલ ઈન્ડિયા એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ ટ્રેનિંગ સ્કુલના પ્રોબેશનરી અધિકારીઓને ઐતિહાસિક સંબોધન કર્યુ હતું.
- આ અધિકારીઓને સંબોધિત કરતી વખતે સિવિલ કર્મચારીઓને 'સ્ટીલ ફ્રેમ ઓફ ઈન્ડિયા' કહ્યું હતું.
- બ્રિટિશ યુગમાં સિવિલ સર્વિસ શબ્દનો ઉપયોગ બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીની વહીવટી નોકરીમાં કર્મચારી માટે થયો હતો.
- ભારતમાં સિવિલ સર્વિસનો પાયો વોરન હેસ્ટિંગ્સ દ્વારા નાખવામાં આવ્યો હતો પરંતુ પાછળથી કોર્નવોલિસ દ્વારા તેમાં વધુ સુધારા કરવામાં આવ્યા હતા.
- આથી, કોર્નવોલિસને ભારતમાં સિવિલ સર્વિસના પિતા તરીકે ઓળખવામાં આવે છે.
- જ્યારે શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ એ સિવિલ સર્વિસ માટે આપેલ યોગદાનના કારણે તેમને ભારતના પેટ્રોન સેન્ટ તરીકે ઓળખવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE

## ચૈત્ર સુદ તેરસ, મહાવીર જયંતિ (ભગવાન મહાવીર જન્મજયંતિ)

### મહાવીર સ્વામી (24મા તીર્થંકર)



| | | |
|---|---|---|
| બાળપણનું નામ | : | વર્ધમાન |
| જન્મ | : | ઈ.સ. પૂર્વે 599 |
| જન્મસ્થળ | : | કુંડગ્રામ (વૈશાલી) |
| માતા | : | ત્રિશલાદેવી (વિદેહલતા) (લિચ્છવી નરેશ ચેટકીની બહેન) |
| પિતા | : | સિધ્ધાર્થ (સાત્રિક ક્ષત્રિય કુળના પ્રધાન) |
| ભાઈ | : | નંદીવર્ધન |
| પત્ની | : | યશોદા |
| પુત્રી | : | પ્રિયદર્શના |
| જમાઈ | : | જામિલ, જે મહાવીર સ્વામીના પ્રથમ શિષ્ય બન્યા. |
| ગૃહત્યાગ | : | 30 વર્ષે |
| તપશ્ચર્યા | : | 12 વર્ષ સુધી |
| જ્ઞાન પ્રાપ્તિનું સ્થળ | : | જાંભક ગામ |
| નદી | : | ઋજુપાલિકા |
| વૃક્ષ | : | સાલ |
| પ્રાપ્ત થયેલ જ્ઞાન | : | કેવલ્ય જ્ઞાન (અંતિમ જ્ઞાન) |
| જ્ઞાન પ્રાપ્તિ પછીના નામ | : | મહાવીર, કૈવલિન, જિન (વિજેતા), નિર્ગ્રન્થ (મુકત), અર્હંત (યોગ્ય) |
| ઉપદેશની ભાષા | : | અર્ધમાગધી (પ્રાકૃત) |
| ધર્મગ્રંથ | : | આગમ, કલ્પસૂત્ર |
| મુખ્ય પંથ | : | શ્વેતાંબર, દિગંબર ઉપરાંત તેરાપંથી, સ્થાનકવાસી, દેરાવાસી |
| પ્રથમ ઉપદેશ સ્થળ | : | રાજગૃહ પાસે વિપુલચલ પહાડીઓમાં |
| અન્ય | : | આત્માને શાશ્વત માને છે |
| મૃત્યુ | : | ઈ.સ. પૂર્વે 527 (72 વર્ષની ઉંમરે) |
| મૃત્યુ સ્થળ | : | પાવાપુરી (પાવરાજગૃહ) (તેમણે પાવાપુરીમાં જૈન સંઘની સ્થાપના કરી હતી) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- મહાવીર સ્વામી જૈનધર્મના 24માં તીર્થંકર હતા.
- મહાવીર સ્વામીએ જૈનધર્મમાં પાંચમું મહાવ્રત બ્રહ્મચર્ય આપ્યું હતું.
- 30 વર્ષની ઉંમરે મહાવીર સ્વામીએ તેમના મોટાભાઈ નંદીવર્ધનની આજ્ઞા લઈને ગૃહત્યાગ કર્યો.
- મહાવીર સ્વામીએ 12 વર્ષ સુધી ઋજુપાલિકા નદીને કિનારે સાલ નામના વૃક્ષની નીચે તપશ્ચર્યા કરી.
- તેમને 42 વર્ષની ઉંમરે કેવલ્યજ્ઞાન પ્રાપ્ત થયું હતું.
- મહાવીર સ્વામીના શિષ્યોને ગણોધર કહેવાય છે. તેમની કુલ સંખ્યા 11 છે.
- મહાવીર સ્વામીએ પોતાના ઉપદેશો 'અર્ધમાગધી' (પ્રાકૃત) ભાષામાં આપ્યા હતા.

**પંચ મહાવ્રત**

સત્ય | અહિંસા | અસ્તેય | અપરિગ્રહ | બ્રહ્મચર્ય

## શ્રી નલીન પ્રભાતની NSGના ડિરેક્ટર જનરલ તરીકે નિમણૂક

તાજેતરમાં વરિષ્ઠ IPS અધિકારી <u>શ્રી નલિન પ્રભાત</u>ને ભારતના <u>રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડ (National Security Guard-NSG)</u>ના ડિરેક્ટર જનરલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.



- આંધ્રપ્રદેશ કેડરના <u>1992 બેચના IPS અધિકારી</u> શ્રી નલિન પ્રભાત હાલમાં CRPFમાં એડિશનલ ડાયરેક્ટર જનરલ તરીકે કાર્યરત છે.
- કેન્દ્રીય કેબિનેટની નિમણૂક સમિતિ દ્વારા <u>31 ઓગસ્ટ, 2028</u> સુધી તેની નિમણૂક કરવામાં આવી છે.
- તેઓ NSGના ડિરેક્ટર તરીકે <u>શ્રી દલજીત સિંહ ચૌધરીનું</u> સ્થાન લેશે.

**નોંધ :** (1) નેશનલ સિક્યુરિટી ગાર્ડ (NSG)ને સામાન્ય રીતે <u>બ્લેક કેટ્સ</u> તરીકે ઓળખવામાં આવે છે.

(2) NSG <u>ગૃહ મંત્રાલય હેઠળનું</u> ભારતનું <u>આતંકવાદ વિરોધી એકમ</u> છે.

(3) તેની સ્થાપના <u>16 ઓક્ટોબર, 1984</u>ના રોજ ઓપરેશન બ્લૂ સ્ટાર બાદ આતંકવાદી પ્રવૃત્તિઓનો સામનો કરવા અને રાજ્યોને આંતરિક વિક્ષેપ સામે રક્ષણ આપવા માટે કરવામાં આવી હતી.

(4) <u>નેશનલ સિક્યુરિટી ગાર્ડ એક્ટ, 1986</u> હેઠળ ભારતની સંસદમાં ઔપચારિક સ્વરૂપ આપવામાં આવ્યું હતું, તે ભારતના સાત કેન્દ્રીય પોલીસ દળોમાંનું એક છે.

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. ભારતમાં 'નેશનલ સિવિલ સર્વિસ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 20 એપ્રિલ (B) 21 એપ્રિલ (C) 22 એપ્રિલ (D) 23 એપ્રિલ **(B)**

2. 'વિશ્વ સર્જનાત્મક અને નવીનતા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 20 એપ્રિલ (B) 21 એપ્રિલ (C) 22 એપ્રિલ (D) 23 એપ્રિલ **(B)**

3. કયા દિવસના રોજ ભગવાન મહાવીર જન્મજયંતિની ઉજવણી કરવામાં આવે છે ?

(A) કારતક સુદ તેરસ (B) ચૈત્ર સુદ તેરસ (C) માગશર સુદ તેરસ (D) વૈશાખ સુદ તેરસ **(B)**

4. ભગવાન મહાવીર સ્વામી જૈન ધર્મના કેટલામાં તીર્થંકર હતા ?

(A) 22માં (B) 23માં (C) 24માં (D) 25માં **(C)**

5. તાજેતરમાં રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડ (NSG)ના ડિરેક્ટર જનરલ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી પંકજ ચૌધરી (B) શ્રી સુરેશ ચંદ યાદવ

(C) શ્રી ગજેન્દ્રસિંહ રાઠોર (D) શ્રી નલિન પ્રભાત **(D)**

6. NSG (નેશનલ સિક્યુરિટી ગાર્ડ) સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે ગૃહ મંત્રાલય હેઠળનું ભારતનું આતંકવાદ વિરોધી એકમ છે.
2. તેની સ્થાપના 16 ઓક્ટોબર, 1984ના રોજ કરવામાં આવી હતી.
3. તેને સામાન્ય રીતે બ્લેક કેટ્સ તરીકે પણ ઓળખવામાં આવે છે.
4. NSG, એક્ટ 1980 હેઠળ તેની સ્થાપના કરવામાં આવી હતી.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 22 એપ્રિલ, વિશ્વ પૃથ્વી દિવસ (World Earth Day)

પર્યાવરણ સંરક્ષણના સમર્થન માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે 22 એપ્રિલના રોજ 'વિશ્વ પૃથ્વી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.




- તેની ઉજવણીનો પ્રારંભ વર્ષ 1970થી થયો હતો.
- વર્ષ 2024માં તેની 54મી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી છે.
- વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણીનો પ્રારંભ શ્રી જેરાલ્ડ નેલ્સન નામના અમેરિકાના સેનેટર દ્વારા 'પર્યાવરણ શિક્ષણ'ના રૂપમાં કરવામાં આવ્યો હતો.
- વર્ષ 2009માં સંયુક્ત રાષ્ટ્રએ 22 એપ્રિલને 'આંતરરાષ્ટ્રીય માતૃ પૃથ્વી દિવસ' (International Mother Earth Day) તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી.
- વર્ષ 2024ની 'વિશ્વ પૃથ્વી દિવસ'ની થીમ 'Planet Vs. Plastics' છે.

નોંધ : (1) સમગ્ર વિશ્વમાં દર વર્ષે 22 એપ્રિલ 'World Earth Day' ઉપરાંત "International Mother Earth Day" તરીકે પણ ઉજવાય છે.

(2) સમગ્ર વિશ્વમાં 22 એપ્રિલ 'પૃથ્વી દિવસ' તરીકે ઉજવાય છે, જ્યારે અમેરિકામાં તેને 'વૃક્ષ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

(3) 22 એપ્રિલ, 2016ને 'વિશ્વ પૃથ્વી દિવસ'ના રોજ વિશ્વના કુલ 122 દેશો દ્વારા પર્યાવરણ સંરક્ષણ માટે ઐતિહાસિક 'પેરિસ સમજૂતી' પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## મેન પોર્ટેબલ એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલ (MPATGM)

તાજેતરમાં ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) અને ભારતીય સેનાએ સ્વદેશી મેન પોર્ટેબલ એન્ટિ–ટેન્ક ગાઈડેડ મિસાઈલ વેપન સિસ્ટમનું સફળ પરીક્ષણ કર્યુ છે.

- રાજસ્થાનના પોખરણ ફિલ્ડ ફાયરિંગ રેન્જ ખાતે વોરહેડ ફ્લાઈટ સફળતાપૂર્વક હાથ ધરવામાં આવી હતી.

### MPATGM વિશે

MPATGM વેપન સિસ્ટમ ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) દ્વારા સ્વદેશી રીતે ડિઝાઈન અને વિકસિત કરવામાં આવી છે.

- તે એન્ટિ ટેન્ક ગાઈડેડ મિસાઈલ છે.

- એન્ટિ ટેન્ક ગાઈડેડ મિસાઈલ એ એક મધ્યમ અથવા લાંબા અંતરની મિસાઈલ છે, જેનો મુખ્ય ઉદ્દેશ ટેન્ક અને અન્ય સશસ્ત્ર વાહનોને નાશ કરવાનો છે.



- તે 'Fire and Forget' પ્રણાલી પર કાર્યરત ઓછા વજનની મિસાઈલ છે.
- તેને 15 કિલોગ્રામથી ઓછા વજનની સાથે 2.5 કિ.મી.ની મહત્તમ રેન્જમાં લોન્ચ કરી શકાય છે.
- આ મિસાઈલ અત્યાધુનિક ઈન્ફ્રારેડ ઈમેજિંગ સીકર અને એડવાન્સ્ડ એવિઓનિક્સથી સજ્જ છે.
- સિસ્ટમમાં MPATGM, લોન્ચર, ટાર્ગેટ એક્વિઝિશન અને ફાયર કંટ્રોલ યુનિટનો સમાવેશ થતો હતો.
- તેના સફળ પરીક્ષણથી સરકારના આત્મનિર્ભર ભારતના અભિયાનને વેગ મળ્યો છે અને ભારતીય સૈન્યને મજબૂતી પ્રદાન કરી છે.

## એશિયન રેસલિંગ ચેમ્પિયનશિપ 2024

એશિયન રેસલિંગ ચેમ્પિયનશિપ 11 થી 16 એપ્રિલ, 2024 દરમિયાન કિર્ગિસ્તાનના બિશ્કેક ખાતે યોજાઈ હતી.



- છ દિવસીય આ મીટમાં કુલ 30 ભારતીય કુસ્તીબાજોએ ભાગ લીધો હતો.
- એશિયન રેસલિંગ ચેમ્પિયનશિપ 2024માં ભારતે કુલ 9 મેડલ જીત્યા હતા.
- જેમાં 4 સિલ્વર અને 5 બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે.
- શ્રી ઉદિત (મેન્સ 57kg), સુશ્રી રાધિકા (વિમેન્સ 68kg), સુશ્રી અંજુ (વિમેન્સ 53kg) અને સુશ્રી હર્ષિતા (વિમેન્સ 72kg) એ સિલ્વર મેડલ જીત્યો હતો.
- જ્યારે શ્રી અભિમન્યુ (મેન્સ 70kg), શ્રી વિકી (મેન્સ 97kg), સુશ્રી શિવાની પવાર (વિમેન્સ 50kg), સુશ્રી અન્તિમ (વિમેન્સ 65kg) અને સુશ્રી મનિષા (વિમેન્સ 62kg)એ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.
- મેડલ ટેબલમાં 9 ગોલ્ડ, 5 સિલ્વર અને 4 બ્રોન્ઝ સહિત કુલ 18 મેડલ સાથે જાપાન પ્રથમ ક્રમે હતું.

## નાઈજીરિયાએ Men5CV રસી રજૂ કરી


નાઈજીરિયાએ મેનિન્જાઈટિસની તમામ જાતો સામે વિશ્વની પ્રથમ રસી Men5CV રજૂ કરી છે.

- જેનો હેતુ આફ્રિકાના મેનિન્જાઈટિસ પટ્ટામાં રોગના બોજને ઓછો કરવાનો છે.
- WHO દ્વારા સમર્થન આપવામાં આવેલી આ નવી રસી એક જ માત્રામાં મેનિન્ગોકોક્સ બેક્ટિરિયાના પાંચ જાતો સામે રક્ષણ પૂરું પાડે છે, જે અગાઉની રસીઓ કરતા ઓછા તાણને લક્ષ્યાંકિત કરે છે.

INSTITUTE FOR COMPETITIVE EX...



- સમગ્ર ખંડમાં કેસોના તાજેતરના ઉછાળા સાથે Men5CVની રજૂઆત <u>2030 સુધીમાં</u> મેનિન્જાઈટિસને દૂર કરવાના WHOના લક્ષ્ય સાથે સંરેખિત છે.
- મેનિન્જાઈટિસ એ મેનિન્જીસ, મગજ અને કરોડરજ્જુને આવરી લેતી પટલનો ગંભીર ચેપ છે.
- આ રોગ બેક્ટિરિયા, ફુગ અથવા વાઈરસ સહિત ઘણા વિવિધ પેથોજેન્સને કારણે થઈ શકે છે, પરંતુ બેક્ટેરિયલ મેનિન્જાઈટિસ સાથે સૌથી વધુ વૈશ્વિક બોજ જોવા મળે છે.



# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'વિશ્વ પૃથ્વી દિવસ' અથવા 'પૃથ્વી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 20 એપ્રિલ (B) 21 એપ્રિલ (C) 22 એપ્રિલ (D) 23 એપ્રિલ (C)

2. વર્ષ 2024ના 'વિશ્વ પૃથ્વી દિવસ'ની થીમ શું છે ?

(A) Climat Change (B) Climat Task

(C) Planet Vs. Plastics (D) Support Earth and Save Trees (C)

3. તાજેતરમાં DRDOએ MPATGM મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યુ હતું. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. MPATGMનું પૂરું નામ 'મેન પોર્ટેબલ એન્ટિ ટેન્ક ગાઈડેડ મિસાઈલ' છે.
2. તે Fire and Forget પ્રણાલી પર કાર્યરત ઓછા વજનની મિસાઈલ છે.
3. તે સ્વદેશી નિર્મિત એન્ટિ ટેન્ક ગાઈડેડ મિસાઈલ છે.
4. આ મિસાઈલનું નિર્માણ DRDO અને ROCCOMOSએ સંયુક્ત રીતે કર્યુ છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 (A)

4. તાજેતરમાં 'એશિયન રેસલિંગ ચેમ્પિયનશિપ, 2024'નું આયોજન કયા દેશમાં થયું હતું ?

(A) ઈરાન (B) ચીન (C) ભારત (D) કિર્ગિસ્તાન (D)


5. તાજેતરમાં કયો દેશ મેનિન્જાઈટિસના પાંચ જાતોને લક્ષ્યાંકિત કરતી Men5CV રસી બહાર પાડનાર પ્રથમ દેશ બન્યો છે ?

(A) ઈથોપિયા (B) કેન્યા (C) નાઈજીરીયા (D) દક્ષિણ આફ્રિકા (C)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 23 એપ્રિલ, (1) વિશ્વ પુસ્તક દિવસ (World Book Day)
## (2) અંગ્રેજી ભાષા દિવસ (English Language Day)

### વિશ્વ પુસ્તક દિવસ




પુસ્તકના વાંચન, પબ્લિકેશન અને કોપી રાઈટને પ્રોત્સાહન આપવા માટે UNESCO દ્વારા 23 એપ્રિલના રોજ વિશ્વ પુસ્તક દિવસની ઉજવણી કરવામાં આવે છે.

- વિશ્વ પુસ્તક દિવસને 'વિશ્વ પુસ્તક અને કોપી રાઈટ દિવસ' અથવા તો 'આંતરરાષ્ટ્રીય પુસ્તક દિવસ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- UNESCO દ્વારા સૌપ્રથમ 23 એપ્રિલ, 1995ના રોજ વિશ્વ પુસ્તક દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- 23 એપ્રિલ શ્રી વિલિયમ શેક્સપીયર અને શ્રી ઈન્કા ગ્રેસિલસો દે લા વેગાની મૃત્યુની તિથિ છે. આ ઉપરાંત તે અનેક પ્રસિદ્ધ સાહિત્યકારોના જન્મ તથા મૃત્યુ તિથિ સાથે સંકળાયેલી છે.
- આથી, 23 એપ્રિલના રોજ 'વિશ્વ પુસ્તક દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- યુનેસ્કો દર વર્ષે વર્લ્ડ બુક કેપિટલ સિટી તરીકે કોઈ એક સિટીની જાહેરાત કરે છે.
- આ અંતર્ગત યુનેસ્કો દ્વારા વર્ષ 2024ના વર્લ્ડ બુક કેપિટલ સિટી તરીકે ફ્રાન્સના સ્ટાર્સબર્ગ નામના શહેરની જાહેરાત કરવામાં આવી છે.
- વિશ્વ પુસ્તક દિવસ 2024ની થીમ 'Read Your Way' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### World Book Capital Cities

| વર્ષ | શહેર | દેશ |
|---|---|---|
| 2018 | એથેન્સ | ગ્રીસ |
| 2019 | શારજાહ | UAE |
| 2020 | કુઆલા લુમ્પુર | મલેશિયા |
| 2021 | તિલિસી | જ્યોર્જિયા |
| 2022 | ગુઆડાલજારા | મેક્સિકો |
| 2023 | અકરા | ઘાના |
| 2024 | સ્ટાર્સબર્ગ | ફ્રાન્સ |

## અંગ્રેજી ભાષા દિવસ

સમગ્ર વિશ્વમાં 23 એપ્રિલ 'અંગ્રેજી ભાષા દિવસ' તરીકે પણ ઉજવાય છે.

- 23 એપ્રિલ શ્રી વિલિયમ શેક્સપીયરની જન્મ તિથિ તથા મૃત્યુ તિથિ હોવાથી આ દિવસને 'અંગ્રેજી ભાષા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

## પૂર્વી લહેર કવાયત (Exercise Poorvi Lehar)

ભારતીય નૌકાદળે પૂર્વી નેવલ કમાન્ડના ફ્લેગ ઓફિસર કમાન્ડિંગ–ઈન–ચીફના ઓપરેશનલ કંટ્રોલ હેઠળ પૂર્વી કિનારે 'પૂર્વી લહેર કવાયત' (XPOL) હાથ ધરી હતી.



- આ કવાયતનો ઉદ્દેશ્ય પ્રદેશમાં દરિયાઈ સુરક્ષા પડકારોને પહોંચી વળવા ભારતીય નૌકાદળની સજ્જતાનું મૂલ્યાંકન કરવાનો હતો.
- ભારતીય વાયુસેના (IAF), આંદામાન અને નિકોબાર કમાન્ડ અને કોસ્ટ ગાર્ડના જહાજો, સબમરીન, એરક્રાફ્ટ અને વિશેષ દળોએ આ કવાયતમાં ભાગ લીધો હતો.
- આ કવાયત અનેક તબક્કાઓમાં હાથ ધરવામાં આવી હતી, જેમાં વ્યૂહાત્મક તબક્કા દરમિયાન વાસ્તવિક પરિસ્થિતિમાં લડાયક તાલીમ અને લક્ષ્ય ઓર્ડનન્સ પહોંચાડવા માટે ભારતીય નૌકાદળની ક્ષમતાને પુનઃપુષ્ટ કરવા માટે વેપન તબક્કા દરમિયાન વિવિધ ગોળીબારના સફળ સંચાલનનો સમાવેશ થાય છે.
- વિવિધ સ્થળોએથી એરક્રાફ્ટના સંચાલન સાથે સમગ્ર કામગીરીના ક્ષેત્રમાં લગભગ સતત દરિયાઈ ડોમેન જાગૃતિ જાળવવામાં આવી હતી.
- તે લક્ષ્ય પર ઓર્ડનન્સ પહોંચાડવા માટે ભારતીય નૌકાદળની ક્ષમતાને પુનઃપુષ્ટ કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી ડી ગુકેશએ 2024 FIDE કેન્ડિડેટ્સ ચેસ ટુર્નામેન્ટ જીતી ઈતિહાસ રચ્યો

ચેન્નાઈના 17 વર્ષીય ભારતીય ગ્રાન્ડમાસ્ટર શ્રી ડી ગુકેશએ કેનેડાના ટોરોન્ટોમાં 2024 FIDE કેન્ડિડેટ્સ ચેસ ટુર્નામેન્ટ જીતીને ઈતિહાસ રચ્યો છે.



- 1984માં ગેરી કાસ્પારોવ દ્વારા સ્થાપિત રેકોર્ડને વટાવીને તે વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપ માટે અત્યાર સુધીનો સૌથી યુવા ચેલેન્જર બન્યો છે.
- કેન્ડિડેટ્સ ટુર્નામેન્ટ જીતનાર અને વર્તમાન વર્લ્ડ ચેમ્પિયનને પડકારવાનો અધિકાર મેળવનાર વિશ્વનાથન આનંદ પછી શ્રી ડી ગુકેશ માત્ર બીજો ભારતીય છે.

- શ્રી ડી ગુકેશે આઠ ખેલાડીઓ ધરાવતી ડબલ રાઉન્ડ–રોબિન ટુર્નામેન્ટમાં સંભવિત 14માંથી 9 પોઈન્ટ મેળવ્યા હતા.
- તેમણે અમેરિકન ગ્રાન્ડમાસ્ટર હિકારુ નાકામુરા સામે તેની અંતિમ રાઉન્ડની રમત ડ્રો કરીને ટાઈટલ જીત્યું હતું.

નોંધ : (1) ઈન્ટરનેશનલ ચેસ ફેડરેશન અથવા વર્લ્ડ ચેસ ફેડરેશનને સામાન્ય રીતે ફ્રેન્ચ ટૂંકાક્ષર FIDE તરીકે ઓળખવામાં આવે છે.

(2) FIDE એ ચેસની રમતનું સંચાલન કરતી સંસ્થા છે અને તે તમામ આંતરરાષ્ટ્રીય ચેસ સ્પર્ધાનું નિયમન કરે છે.

(3) તે એક બિન–સરકારી સંસ્થા તરીકે રચાયેલ છે. તે વિશ્વ ચેસ ચેમ્પિયનશિપનું આયોજન કરે છે.

(4) તેનું મુખ્ય મથક સ્વિત્ઝર્લેન્ડના લૌઝેનમાં આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. યુનેસ્કો દ્વારા દર વર્ષે કયા દિવસને 'વિશ્વ પુસ્તક દિવસ' તરીકે ઉજવવામાં છે ?

(A) 22 માર્ચ (B) 22 એપ્રિલ (C) 23 માર્ચ (D) 23 એપ્રિલ **(D)**

---

2. 'વર્લ્ડ બુક ડે' અથવા 'વિશ્વ પુસ્તક દિવસ'ને બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?

1. વિશ્વ પુસ્તક અને કોપીરાઈટ દિવસ
2. આંતરરાષ્ટ્રીય પુસ્તક દિવસ
3. વિશ્વ પબ્લિકેશન દિવસ

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 2 (B) ફક્ત 3 (C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 1 અને 2 **(D)**

---

3. નીચેનામાંથી કયા પ્રસિદ્ધ સાહિત્યકારની જન્મજયંતિ તથા મૃત્યુ તિથિ 23 એપ્રિલ 'વિશ્વ પુસ્તક દિવસ' તથા અંગ્રેજી ભાષા દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) શ્રી ચાર્લ્સ ડિકન્સ (B) શ્રી જ્યોર્જ ઓરવેલ્ડ

(C) શ્રી ઓસ્કાર વાઈલ્ડ (D) શ્રી વિલિયમ શેક્સપિયર **(D)**

---

4. યુનેસ્કો દ્વારા વર્ષ 2024ના વર્લ્ડ બુક કેપિટલ સિટી તરીકે કયા શહેરની જાહેરાત કરવામાં આવી છે ?

(A) સ્ટાર્સબર્ગ (ફ્રાન્સ) (B) દુબઈ (યુએઈ)

(C) સિડની (ઓસ્ટ્રેલિયા) (D) બાલી (ઈન્ડોનેશિયા) **(A)**

---

5. તાજેતરમાં કયા સશસ્ત્ર દળે પૂર્વી નૌકા કમાન્ડના ઓપરેશનલ કંટ્રોલ હેઠળ પૂર્વ કિનારે 'પૂર્વી લહેર' કવાયત હાથ ધરી હતી ?

(A) ભારતીય નૌકાદળ (B) ભારતીય વાયુસેના

(C) ભારતીય સેના (થલસેના) (D) રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડ **(A)**

---


6. તાજેતરમાં FIDE કેન્ડિડેટ્સ ચેસ ટુર્નામેન્ટ જીતનાર સૌથી યુવા ચેસ ખેલાડી કોણ બન્યો છે ?

(A) ડીંગ લિરેન (B) ડી. ગુકેશ (C) વી. સરીન (D) એમ.વી.એરિગાસી **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 24 એપ્રિલ, (1) રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ
## (2) World Lab Animal Day
## (World Day for Animals in Laboratories)

### રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ



ભારત સરકારના પંચાયતી રાજ મંત્રાલય દ્વારા દર વર્ષે 24 એપ્રિલના રોજ 'રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- તત્કાલીન વડાપ્રધાન શ્રી ડો. મનમોહન સિંહે કરેલી જાહેરાત અનુસાર ભારતમાં 24 એપ્રિલ, 2010ના રોજ પ્રથમ રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- ત્યારબાદ વર્ષ 2010થી ભારતમાં દર વર્ષે 24 એપ્રિલના રોજ 'રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ' ઉજવાય છે.
- આ દિવસને રાષ્ટ્રીય સ્થાનિક સ્વરાજ્ય દિવસ તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ભારતમાં પંચાયતી રાજ વ્યવસ્થા અંગે મહત્ત્વનો 73મો બંધારણીય સુધારો 24 એપ્રિલ, 1993ના રોજ અમલમાં આવ્યો હતો.
- આથી, આ દિવસની યાદમાં ભારતમાં 24 એપ્રિલના રોજ 'પંચાયતી રાજ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EX

### 73મો બંધારણીય સુધારો

ભારતમાં 73મા બંધારણીય સુધારા દ્વારા ભારતીય બંધારણમાં ભાગ-9 ઉમેરવામાં આવ્યો છે.

- આ નવા ઉમેરાયેલા ભાગ-9માં અનુચ્છેદ 243થી 243(O) અંતર્ગત પંચાયતી રાજ અંગેની (પંચાયતોના માળખા સંબંધિત) જોગવાઈઓ કરવામાં આવી છે.
- આ ઉપરાંત ભારતમાં પંચાયતી રાજના અમલ માટે ભારતીય બંધારણમાં એક નવું પરિશિષ્ટ અથવા તો અનુસૂચિ 11 ઉમેરવામાં આવી છે.
- જેમાં પંચાયત અંગેના 29 વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ 40માં પંચાયતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.
- પંચાયત સંબંધિત જોગવાઈઓ ભારતીય બંધારણના અનુચ્છેદ 243થી 243(O)માં ઉલ્લેખિત છે. જે આ પ્રમાણે છે :

| | |
|---|---|
| અનુચ્છેદ 243 | વ્યાખ્યાઓ |
| અનુચ્છેદ 243(A) | ગ્રામસભા |
| અનુચ્છેદ 243(B) | પંચાયતોની રચના |
| અનુચ્છેદ 243(C) | પંચાયતની સંરચના |
| અનુચ્છેદ 243(D) | બેઠકોમાં અનામત |
| અનુચ્છેદ 243(E) | પંચાયતની મુદત |
| અનુચ્છેદ 243(F) | સભ્યોની ગેરલાયકાત |
| અનુચ્છેદ 243(G) | પંચાયતની સત્તા, અધિકાર, જવાબદારી |
| અનુચ્છેદ 243(H) | પંચાયતની કરવેરા લાદવાની સત્તા અને ફંડ બાબત |
| અનુચ્છેદ 243(I) | રાજ્યપાલ દ્વારા નાણાકીય જોગવાઈ માટે રાજ્ય નાણાપંચની સ્થાપના |
| અનુચ્છેદ 243(J) | પંચાયતોના હિસાબનું ઓડિટ |
| અનુચ્છેદ 243(K) | પંચાયતની ચૂંટણીની જવાબદારી રાજ્ય ચૂંટણીપંચ નિભાવશે |
| અનુચ્છેદ 243(L) | કેન્દ્રશાસિત પ્રદેશોને લાગુ પડવા બાબત |
| અનુચ્છેદ 243(M) | અમુક વિસ્તારોમાં પંચાયતની જોગવાઈ લાગુ ન પડવા બાબત |
| અનુચ્છેદ 243(N) | વિદ્યમાન કાયદાઓ તથા પંચાયતો કાર્યરત રાખવા બાબત |
| અનુચ્છેદ 243(O) | ચૂંટણી સાથે જોડાયેલ બાબતોમાં અદાલત હસ્તક્ષેપ નહીં કરે |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતમાં પંચાયતી રાજનો પ્રારંભ


ભારતમાં સૌપ્રથમ 2 ઓક્ટોબર, 1959ના રોજ રાજસ્થાનના નાગૌર જિલ્લાના બગદરી ગામમાં પંડિત જવાહરલાલ નહેરુ દ્વારા પંચાયતી રાજનો પ્રારંભ થયો હતો.

- રાજસ્થાનના નાગૌર જિલ્લામાં શ્રી બળવંતરાય મહેતા સમિતિની ભલામણોને આધારે આ પંચાયતી રાજનો પ્રારંભ થયો હતો.
- ભારતના દરેક ખૂણામાં પંચાયતી રાજ વ્યવસ્થા અમલમાં મૂકવી એ મહાત્મા ગાંધીજીનું સ્વપ્ન હતું.
- આથી, રાજસ્થાનના નાગૌર જિલ્લામાં મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી 2 ઓક્ટોબરના રોજ પંચાયતી રાજ વ્યવસ્થાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- ત્યારબાદ ભારતમાં 73મા બંધારણીય સુધારા દ્વારા 1993માં પંચાયતી રાજ વ્યવસ્થાને બંધારણમાં સ્થાન આપવામાં આવ્યું હતું.

**નોંધ :** 73મો બંધારણીય સુધારો અમલમાં આવ્યા બાદ ગુજરાતમાં પંચાયતી રાજ વ્યવસ્થાના અમલ માટે ગુજરાત સરકાર દ્વારા પંચાયત અધિનિયમ, 1961 નાબૂદ કરીને નવો પંચાયત અધિનિયમ, 1993 લાગુ કરવામાં આવ્યો હતો.

## ડ્રેગન ફ્લાય રોટરક્રાફ્ટ મિશન

તાજેતરમાં NASAએ શનિ ગ્રહના ચંદ્ર ટાઈટન પર ડ્રેગનફ્લાય રોટરક્રાફ્ટ મિશનની પુષ્ટિ કરી છે.



- ડ્રેગનફ્લાય એ ડ્યુઅલ ક્વોડકોપ્ટર છે, જે કારના કદના રોટરક્રાફ્ટ જેવું લાગે છે.
- તે એક કલાક કરતા ઓછા સમયમાં ટાઈટન પર દસ કિલોમીટરની મુસાફરી કરી શકે છે.
- ટાઈટન ઉપગ્રહ (ચંદ્ર)ના ધુમ્મસવાળા વાતાવરણને કારણે ડ્રેગનફ્લાય ચંદ્ર પરના ક્યુરિયોસિટી રોવરની જેમ રેડિયોઆઈસોટોપ પાવર સિસ્ટમનો ઉપયોગ કરશે.
- ડ્રેગન ફ્લાય ટાઈટન અને પૃથ્વી બંને પર સામાન્ય પ્રી–બાયોટિક રાસાયણિક પ્રક્રિયાઓની શોધમાં ટાઈટન પરના ડઝનેક આશાસ્પદ સ્થાનો પર ઉડાન ભરશે.
- આ પ્રથમ વખત હશે જ્યારે નાસા અન્ય ગ્રહો પર વિજ્ઞાન માટે મલ્ટિ–રોટર વાહન ઉડાડશે.
- અવકાશયાન સૌપ્રથમ વિષુવવૃત્તીય 'શાંગરી–લા' ટેકરાઓ પર ઉતરશે, 8 કિલોમીટર લાંબી 'લીપફ્રોગ' ફ્લાઈટ કરતા પહેલા ટૂંકી સફરમાં વિસ્તારનું અન્વેષણ કરશે.
- ટાઈટન એ શનિનો સૌથી મોટો ચંદ્ર છે અને તેની સપાટી પર પ્રવાહી પ્રવાહનું પૃથ્વી જેવું ચક્ર છે.

## કચ્છમાંથી વાસુકી નાગના અવશેષો મળ્યા

ગુજરાતના કચ્છના પાન્ધ્રો પાસેની લિગ્નાઈટ ખાણમાંથી 47 મિલિયન વર્ષો જૂના સાપના અવશેષો મળી આવ્યા છે.



- આ સાપ 49 ફૂટ એટલે કે 15 મીટરથી વધુ લાંબો હોવાનું અનુમાન છે.
- સાપની કરોડરજ્જુના 27 જેટલા અવશેષો બહાર કાઢવામાં આવ્યા છે.
- આ સાપને 'વાસુકી ઈન્ડિકસ' નામ આપવામાં આવ્યું છે.
- ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી, રૂરકી (IIT રૂરકી)ના પેલિયોન્ટોલોજીના પોસ્ટ ડોક્ટરલ સંશોધક અને સાયન્ટિફિક રિપોર્ટ્સ જર્નલમાં મુખ્ય લેખક દેબાજીત દત્તાએ આ અંગેનો રિપોર્ટ રજૂ કર્યો છે.

**નોંધ :** (1) નવી ઓળખાયેલી પ્રજાતિ 'વાસુકી ઈન્ડિકસ' લુપ્ત થઈ ગયેલા Madtsoiidae સાપ પરિવાર સાથે સંબંધિત છે.

(2) વાસુકી ઈન્ડિકસ નામ ભગવાન શિવ સાથે સંકળાયેલા સાપના રાજાના નામ પરથી રાખવામાં આવ્યું છે.

## પાવુલુરી સુબ્બા રાવને અવકાશ વિજ્ઞાન યોગદાન માટે આર્યભટ્ટ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા

અનંત ટેક્નોલોજીના સ્થાપક, CEO અને ચેરમેન પાવુલુરી સુબ્બા રાવને એરોનોટિકલ સોસાયટી ઓફ ઈન્ડિયા (ASI) દ્વારા પ્રતિષ્ઠિત 'આર્યભટ્ટ' એવોર્ડથી નવાજવામાં આવ્યા છે.



- આર્યભટ્ટ પુરસ્કાર ઉપરાંત તેમને એરોસ્પેસ અને ઉડ્ડયન ક્ષેત્રે તેમના નોંધપાત્ર યોગદાનને સ્વીકારીને ASI દ્વારા 'વિશિષ્ટ ફેલો'નું બિરુદ પણ આપવામાં આવ્યું હતું.
- પાવુલુરી સુબ્બા રાવની સફર ISROમાં એક વૈજ્ઞાનિક તરીકે થઈ હતી.
- જ્યાં તેમણે અવકાશ તકનીકમાં અમૂલ્ય અનુભવ અને કુશળતા પ્રાપ્ત કરી હતી.
- 1992માં તેમણે ઉદ્યોગસાહસિક છલાંગ લગાવી અને ISRO તથા સંરક્ષણ ક્ષેત્ર માટે સ્વદેશી ડિઝાઈન અને અત્યાધુનિક એવિઓનિક્સ વિકસાવવાના ઉદ્દેશ્ય સાથે અનંત ટેક્નોલોજીસ લિમિટેડની સ્થાપના કરી હતી.



# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. ભારતમાં ‘રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 22 એપ્રિલ (B) 23 એપ્રિલ (C) 24 એપ્રિલ (D) 25 એપ્રિલ **(C)**

2. ભારતમાં ‘રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ’ની ઉજવણીનો પ્રારંભ ક્યારથી થયો હતો ?

(A) 1993 (B) 2002 (C) 2005 (D) 2010 **(D)**

3. 2 ઓક્ટોબર, 1959ના રોજ ભારતમાં રાજસ્થાનના નાગૌર જિલ્લાના કયા ગામમાં સૌપ્રથમ વખત પંચાયતી રાજ વ્યવસ્થાનો પ્રારંભ થયો હતો ?

(A) બલસાણા (B) બગદરી (C) બરગાંવ (D) બેનાસ **(B)**

4. 'World Lab Animal Day' અથવા તો ‘પ્રયોગશાળામાં રહેલા પ્રાણીઓ માટેના દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 22 એપ્રિલ (B) 23 એપ્રિલ (C) 24 એપ્રિલ (D) 25 એપ્રિલ **(C)**

5. તાજેતરમાં સમાચારમાં રહેલ નાસાનું ડ્રેગનફ્લાય રોટરક્રાફ્ટ મિશન શનિ ગ્રહના કયા ચંદ્રનું અન્વેષણ કરવા માટે તૈયાર છે ?

(A) ટેથિસ (B) એપિમેથિયસ (C) ટાઈટન (D) મીમાસ **(C)**

6. તાજેતરમાં ભારતના કયા રાજ્યમાંથી ‘વાસુકી નાગ’ (વાસુકી ઈન્ડિકસ)ના અવશેષો મળી આવ્યા છે ?

(A) રાજસ્થાન (B) ઉત્તરપ્રદેશ (C) હરિયાણા (D) ગુજરાત **(D)**

7. તાજેતરમાં અવકાશ વિજ્ઞાનમાં તેમના યોગદાન બદલ પ્રતિષ્ઠિત ‘આર્યભટ્ટ એવોર્ડ’થી કોને સન્માનિત કરવામાં આવ્યા છે ?


(A) જી.એમ.રેડ્ડી (B) અવિનાશ શાહ

(C) પાવુલુરી સુબ્બા રાવ (D) એમ. એન. અય્યર **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 25 એપ્રિલ, વિશ્વ મેલેરિયા દિવસ (World Malaria Day)

સમગ્ર વિશ્વમાં 25 એપ્રિલના રોજ વિશ્વ મેલેરિયા દિવસની ઉજવણી કરવામાં આવે છે.




- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ મેલેરિયાને નિયંત્રણમાં લેવા માટે થતાં વિશ્વ વ્યાપી પ્રયત્નોને વાચા આપવાનો છે.
- મે 2007માં વર્લ્ડ હેલ્થ એસેમ્બલીના 60મા સત્રમાં આ દિવસની ઉજવણીને માન્યતા આપવામાં આવી હતી.
- વર્ષ 2024ની વિશ્વ મેલેરિયા દિવસની થીમ 'Accelerating the fight against malaria for a more equitable world' છે.

### મેલેરિયાની રસી

23 એપ્રિલ, 2019ના રોજ આફ્રિકી દેશ મલાવીમાં વિશ્વની પ્રથમ મેલેરિયાની રસી લોન્ચ કરવામાં આવી હતી.

- આ રસી પાંચ મહિનાથી બે વર્ષ સુધીના બાળકો માટે છે.
- આ રસીનું નામ RTS-S/A S01 છે. અને તેનું વ્યાપારી નામ 'Mosquirix' (મોસ્કવીરીક્સ) છે.
- વર્ષ 2019માં આ રસી લોન્ચ કર્યા બાદ ઓક્ટોબર 2021માં WHOએ તેને માન્યતા આપી હતી.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### મેલેરિયા

મેલેરિયા એ મચ્છરથી ફેલાતો ચેપી રોગ છે.


- તે ચેપગ્રસ્ત માદા એનોફિલિસ (Anopheles) મચ્છરના ડંખથી ફેલાય છે.
- આ રોગ થવાનું મુખ્ય કારણ પ્લાઝમોડિયમ જૂથના કેટલાક પરોપજીવીઓ છે.
- જેમાં ફાલ્સીપેરમ નામના પ્લાઝમોડિયમને સૌથી ઘાતક માનવામાં આવે છે.
- આફ્રિકા સહિત વિશ્વના તમામ ભાગોમાં મેલેરિયાથી સૌથી વધુ મૃત્યુ આ ફાલ્સીપેરમ નામના પ્લાઝમોડિયમને કારણે જ થાય છે.

**નોંધ :** (1) WHOએ તેની 'E-2025 પહેલ' હેઠળ 2025 સુધીમાં મેલેરિયાને નાબૂદ કરવાની ક્ષમતા ધરાવતા 25 દેશોની પણ ઓળખ કરી હતી.

(2) મેલેરિયાની રસી RTS-S (Mosquirix)ને GlaxoSmithKline (GSK) કંપની દ્વારા વિકસાવવામાં આવી હતી. અને 2015માં યુરોપિયન મેડિસીન એજન્સી દ્વારા મંજૂર કરવામાં આવી હતી.

## સેટેલાઇટ ટેક્નોલોજી દિવસ 2024

બેંગ્લુરુ સ્થિત અવકાશ વિભાગ યુ.આર. રાવ સેટેલાઈટ સેન્ટર (અગાઉ ISRO સેટેલાઈટ સેન્ટર તરીકે ઓળખાતું હતું)માં તાજેતરમાં સેટેલાઈટ ટેક્નોલોજી ડે 2024ની ઉજવણી કરવામાં આવી હતી.




- જે 19 એપ્રિલ, 1975ના રોજ ભારતના પ્રથમ ઉપગ્રહ આર્યભટ્ટના પ્રક્ષેપણની 50મી વર્ષગાંઠની ઉજવણી કરે છે.
- નોંધનીય છે કે આર્યભટ્ટ ઉપગ્રહના પ્રક્ષેપણ સાથે ભારત અવકાશમાં ઉપગ્રહ મોકલનાર વિશ્વનો 11મો દેશ બન્યો હતો.

### આર્યભટ્ટ ઉપગ્રહ

19 એપ્રિલ, 1975ના રોજ ભારતે પ્રથમ વખત અવકાશ ક્ષેત્રે એક મોટું પગલું ભર્યું હતું. આ દિવસે ISROએ દેશનો ઉપગ્રહ 'આર્યભટ્ટ' લોન્ચ કર્યો હતો.

- આ ઉપગ્રહ સોવિયત સંઘનું રોકેટ કોસ્મોસ–3M દ્વારા લોન્ચ કરવામાં આવ્યો હતો.
- આર્યભટ્ટ એ ભારતનો પ્રથમ ઉપગ્રહ છે.
- આ ઉપગ્રહનું નામ પાંચમી સદીના પ્રખ્યાત ખગોળશાસ્ત્રી શ્રી આર્યભટ્ટના નામ પરથી રાખવામાં આવ્યું છે.
- આ ઉપગ્રહનું વજન 360 કિલોગ્રામ હતું.
- આ ઉપગ્રહની તસ્વીરને રૂ. 2ની નોટ પર અંકિત કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) યુ.આર.રાવ સેટેલાઈટ સેન્ટરનું નામ ISROના ભૂતપૂર્વ અધ્યક્ષ ડો. ઉડુપી રામચંદ્ર રાવના નામ પરથી રાખવામાં આવ્યું છે.

(2) તે ISROનું ડિઝાઈન, વિકાસ, ચેકઆઉટ અને સંચાર, નેવિગેશન, રિમોટ સેન્સિંગ, વૈજ્ઞાનિક અને નાના ઉપગ્રહ મિશન માટેનું મુખ્ય કેન્દ્ર છે.

## ભારતની સૌથી મોટી આબોહવા ઘડિયાળ

તાજેતરમાં કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રિયલ રિસર્ચ (CSIR)એ પૃથ્વી દિવસની ઉજવણીના ભાગરૂપે નવી દિલ્હીમાં CSIR હેડક્વાર્ટર ખાતે ભારતની સૌથી મોટી આબોહવા ઘડિયાળનું સ્થાપન અને સંચાલન શરૂ કર્યુ છે.




- આ ઈવેન્ટ CSIRના ક્લાયમેન્ટ ચેન્જ વિશે જાગૃતિ ફેલાવવાના અને લોકોને ઊર્જા સાક્ષર બનાવવાના ઉદ્દેશ્યને પ્રતિબિંબિત કરે છે.

- તે **2015માં** પ્રેક્ષકોને આબોહવા પરિવર્તન ઘટાડવાની પ્રગતિ પર દેખરેખ રાખવા માટે સૂચક તરીકે રજૂ કરવામાં આવ્યું હતું.
- તે દર્શાવે છે કે વર્તમાન ઉત્સર્જન પ્રવાહોને જોતા ગ્રહ કેટલી ઝડપથી **1.5°C ગ્લોબલ વોર્મિંગની** નજીક આવી રહ્યો છે.

## માધવપુર (ઘેડ)નો મેળો



ગુજરાતમાં **પોરબંદર** જિલ્લાના **પોરબંદર** તાલુકાના **માધવપુર** ખાતે દર વર્ષે **ચૈત્ર સુદ નોમ** એટલે કે **રામનવમી**ના દિવસે લગ્નોત્સવને કેન્દ્રમાં રાખીને ભક્તિ–કીર્તનનો **પાંચ દિવસ**નો માધવપુરનો મેળો ભરાય છે. જે **ચૈત્ર સુદ તેરસ**ના દિવસે પૂર્ણ થાય છે.

- આ મેળાની શરૂઆત લગભગ **તેરમી સદી**ની આસપાસ થઈ હોવાનું કહેવાય છે.
- માધવપુર ઘેડમાં ભરાતા મેળાની કથા **ભગવાન શ્રી કૃષ્ણ અને રૂક્ષ્મણીજી**નાં લગ્ન પ્રસંગની સાથે જોડાયેલ છે.
- પુરાણ કથા મુજબ રાજકુમારી રૂક્ષ્મણીજીનું ગરવા ગિરનારની ગોદમાં મહાશિવરાત્રીના દિવસે ભરાતા ભવનાથના મેળામાંથી ભગવાન શ્રી કૃષ્ણ માધવપુર લઈ આવ્યા હતા.
- ત્યારબાદ અહીં માધવપુરમાં તેમના લગ્ન થયા હતા. ત્યાર પછીથી તેમની યાદમાં દર વર્ષે અહીં ભારતીય શાસ્ત્રોક્ત વિધિથી લગ્નની ધામધૂમથી ઉજવણી કરવામાં આવે છે.
- આ ઉજવણી પાંચ દિવસ ચાલે છે. આ મેળાનું આયોજન અને બધી વ્યવસ્થા માધવપુરમાં આવેલા પ્રસિદ્ધ **શ્રી માધવરાયજી મંદિર** તરફથી કરવામાં આવે છે.
- આ પ્રસંગે ગાર્ડ ઓફ ઓનર સાથે શ્રી ગોપાલ લાલજી (ભગવાન શ્રી કૃષ્ણનું) ફુલેકું નીકળે છે.
- આ ફુલેકાની ઉજવણી ત્રણ દિવસ ચાલે છે. એટલે કે આ ફુલેકુ ત્રણ દિવસ નીકળે છે.
- ત્યારબાદ જાન આગમન–સ્વાગત–લગ્નવિધિ અને કન્યાવિદાયના પ્રસંગ યોજાય છે.
- અહીં ભગવાન શ્રી કૃષ્ણ અને રૂક્ષ્મણીજીનાં લગ્ન જ્યાં થયા હતા તે જગ્યા **રૂક્ષ્મણીમઠ** તરીકે ઓળખાય છે.

**નોંધ :** (1) વર્ષ 2018માં માધવપુરના મેળાને રૂક્ષ્મણીજીની ભગવાન શ્રી કૃષ્ણ સાથેની **અરુણાચલ પ્રદેશથી ગુજરાત** સુધીની ચિરંતન યાત્રાના ઉત્સવ તરીકે ઉજવવામાં આવ્યો હતો.

(2) માર્ચ 2018માં યોજાયેલા આ મેળામાં રૂક્ષ્મણીજીના પરિવારના પ્રતિનિધિ તરીકે પૂર્વોત્તરના અરુણાચલપ્રદેશ, મણિપુર વગેરે રાજ્યના 150થી વધુ લોકો ઉપસ્થિત રહ્યા હતા.

(3) રૂક્ષ્મણીજી અરુણાચલ પ્રદેશના ભીષ્મકનગરના રાજા ભીષ્મકના પુત્રી હોવાનું કહેવાય છે.




# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'વિશ્વ મેલેરિયા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 22 એપ્રિલ (B) 23 એપ્રિલ (C) 24 એપ્રિલ (D) 25 એપ્રિલ **(D)**

2. વર્ષ 2024ના 'વિશ્વ મેલેરિયા દિવસ'ની થીમ શું છે ?

(A) Zero Malaria Starts with me

(B) End Malaria for Good

(C) Harnes Inovation to reduce the Malaria disease burden and save lives

(D) Accelerating the fight against malaria for a more equitable world **(D)**

3. મેલેરિયા કયા માદા મચ્છરના ડંખથી ફેલાતો રોગ છે ?

(A) એડિસ (B) એલ્ફોન્ઝા (C) એફલિસ (D) એનોફિલિસ **(D)**

4. ભારતના આર્યભટ્ટ ઉપગ્રહ સંદર્ભે નીચેના વિધાન પર વિચાર કરી સાચો વિકલ્પ પસંદ કરો ?

1. 19 એપ્રિલ, 1975ના રોજ આ ઉપગ્રહ લોન્ચ કરવામાં આવ્યો હતો.
2. આ ઉપગ્રહ સોવિયત સંઘનું રોકેટ કોસ્મોસ–3M દ્વારા લોન્ચ કરવામાં આવ્યો હતો.
3. તે ભારતનો પ્રથમ ઉપગ્રહ હતો.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) માત્ર 1 અને 3 (B) માત્ર 2 અને 3

(C) માત્ર 1 અને 2 (D) 1, 2 અને 3 **(D)**

5. તાજેતરમાં પૃથ્વી દિવસ નિમિત્તે ભારતની સૌથી મોટી આબોહવા ઘડિયાળનું અનાવરણ કયાં કરવામાં આવ્યું હતું ?

(A) મુંબઈ (B) નવી દિલ્હી (C) બેંગ્લોર (D) કોલકાતા **(B)**

6. ભારતમાં રામનવમી તથા શ્રી સ્વામીનારાયણ જયંતિ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) ચૈત્ર સુદ નોમ (B) ચૈત્ર વદ નોમ (C) વૈશાખ સુદ નોમ (D) વૈશાખ વદ નોમ **(A)**

7. ગુજરાતમાં દર વર્ષે કયા સમય દરમિયાન માધવપુર ઘેડનો પ્રસિદ્ધ મેળો ભરાય છે ?

(A) ચૈત્ર વદ નોમથી ચૈત્ર વદ તેરસ (B) ચૈત્ર વદ પાંચમથી ચૈત્ર વદ અગિયારસ

(C) ચૈત્ર સુદ પાંચમથી ચૈત્ર સુદ અગિયારસ (D) ચૈત્ર સુદ નોમથી ચૈત્ર સુદ તેરસ **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

8. ગુજરાતમાં દર વર્ષે ચૈત્ર માસ દરમિયાન ભગવાન શ્રીકૃષ્ણ અને રૂક્ષ્મણીજીના લગ્નપ્રસંગની ઉજવણીનો ભવ્ય મેળો કઈ જગ્યાએ યોજાય છે ?


(A) ડાકોર (B) દ્વારકા (C) મહેમદાવાદ (D) માધવપુર ઘેડ **(D)**

9. ગુજરાતમાં ચૈત્રમાસમાં જ્યાં લગ્ન પ્રસંગ અંગે પ્રસિદ્ધ મેળો ભરાય છે તે માધવપુર ઘેડ ગુજરાતના કયા જિલ્લાના કયા તાલુકામાં આવેલું છે ?

(A) ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકામાં (B) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકામાં

(C) પોરબંદર જિલ્લાના કુતિયાણા તાલુકામાં (D) પોરબંદર જિલ્લાના પોરબંદર તાલુકામાં **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## દિવસ મહિમા : 26 એપ્રિલ, વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ (World Intellectual Property Day)



આપણા રોજબરોજના જીવનમાં બૌદ્ધિક સંપદાના પ્રદાન વિશે જાગૃતિ લાવવાના ઉદ્દેશથી દર વર્ષે 26 એપ્રિલના રોજ 'વિશ્વ બૌદ્ધિક સંપદા દિન'ની ઉજવણી કરવામાં આવે છે.

- World Intellectual Property Organization (WIPO) દ્વારા વર્ષ 2000માં આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- 26 એપ્રિલની તારીખ વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ તરીકે ઉજવવા માટે એટલા માટે પસંદ કરવામાં આવી છે કારણ કે આ દિવસે 'વિશ્વ બૌદ્ધિક સંપદા સંસ્થાની સ્થાપના માટેનું સંમેલન' અમલમાં આવ્યું હતું.
- વર્ષ 2024ની 'વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ'ની થીમ 'IP and the SDGs : Building Our Common Future with Innovation and Creativity' છે.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## Crystal Maze 2 મિસાઈલનું સફળ પરીક્ષણ

તાજેતરમાં ભારતીય વાયુસેના (IAF)એ 'ક્રિસ્ટલ મેઝ 2' મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યુ હતું.

### ક્રિસ્ટલ મેઝ 2 મિસાઈલ વિશે

ક્રિસ્ટલ મેઝ 2ને ROCKS તરીકે પણ ઓળખવામાં આવે છે.

- આ મિસાઈલ ભારતીય વાયુસેના દ્વારા SU-30 ફાઈટર જેટથી લોન્ચ કરવામાં આવી હતી.
- તે મધ્યમ રેન્જની બેલેસ્ટિક મિસાઈલ છે.
- આ મિસાઈલ 250 કિલોમીટરથી વધુના અંતરે સ્થિત લક્ષ્યાંકો પર પ્રહાર કરવાની ક્ષમતા ધરાવે છે.
- તે ઉચ્ચ મૂલ્યો લક્ષ્યો પર ચોકસાઈ પ્રહારો માટે રચાયેલ છે.
- તે ઈઝરાયેલ મૂળની છે તથા મધ્યમ રેન્જની એર–ટુ–સર્ફેસ મિસાઈલ છે.
- તે લાંબા અંતરથી ભારે ફોર્ટિફાઈડ પોઝિશન્સને જોડવા સક્ષમ છે તથા ન્યૂનતમ કોલેટરલ નુકસાનની ખાતરી કરે છે.



- કારગીલ યુદ્ધ દરમિયાન સામનો કરવો પડયો હતો તેવી જ પરિસ્થિતિમાં આ મિસાઈલ GPS - નકારેલ વાતાવરણમાં અસરકારક છે.
- તે હવાઈ સંરક્ષણ પ્રણાલી દ્વારા સુરક્ષિત વિસ્તારોમાં પ્રવેશ કરી શકે છે.

નોંધ : (1) ક્રિસ્ટલ મેઝ 2 મિસાઈલ પોપાય અને સ્પાઈસની ઘણી ટેક્નોલોજી સાથે સંબંધિત છે.
(2) પોપાય મિસાઈલ ઈઝરાયેલ દ્વારા નિર્માણ થયેલ છે, તે મધ્યમ રેન્જની પરંપરાગત મિસાઈલ છે જે લગભગ 90 કિ.મી.ના સ્ટેન્ડ–ઓફ અંતરથી ફાયર કરી શકાય છે.

## ICC મેન્સ T20 વર્લ્ડ કપ એમ્બેસેડર



ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ યુસૈન બોલ્ટ, ક્રિસ ગેલ અને યુવરાજ સિંહને બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિયુક્ત કર્યા છે.

- યુસૈન બોલ્ટ જમૈકન આંતરરાષ્ટ્રીય દોડવીર અને આઠ વખત ઓલિમ્પિક ગોલ્ડ મેડલ વિજેતા છે.
- ICC મેન્સ T-20 વર્લ્ડ કપ 2024 વેસ્ટઈન્ડિઝ અને અમેરિકા દ્વારા સહઆયોજિત છે.
- આ વર્લ્ડ કપ 1 જૂન થી 29 જૂન 2024 દરમિયાન યોજાશે.

## શ્રી સૌરવ ઘોસાલે પ્રોફેશનલ સ્કવોશમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી

ભારતીય સ્કવોશ ખેલાડી શ્રી સૌરવ ઘોસાલે પ્રોફેશનલ સ્કવોશમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે.



### શ્રી સૌરવ ઘોસાલ

શ્રી સૌરવ ઘોસાલનો જન્મ 10 ઓગસ્ટ, 1986ના રોજ કોલકાતા ખાતે થયો હતો.

- વર્ષ 2003માં કન્ટ્રી વ્યૂ ઓપનમાં PSA સફરની શરૂઆત કરી હતી.
- 2004માં ઈંગ્લેન્ડના શેફિલ્ડ ખાતે ફાઈનલમાં ઈજિપ્તના એડેલ અલ સૈદને હરાવીને પ્રસિદ્ધ બ્રિટિશ જૂનિયર ઓપન અંડર-19 સ્કવોશ ટાઈટલ જીતનાર પ્રથમ ભારતીય બન્યા હતા.
- તેણે કોમનવેલ્થ ગેમ્સમાં ભારત માટે સ્કવોશમાં પ્રથમ વખત મેડલ જીત્યો હતો.
- એપ્રિલ 2019માં તે કારકિર્દીની ઉચ્ચ વિશ્વ રેન્કિંગમાં વિશ્વ નંબર 10 પર પહોંચ્યો હતો.
- તેમણે તેમની કારકિર્દી દરમિયાન અસંખ્ય સીમાચિન્હો હાંસલ કર્યા અને દેશને ગૌરવ અપાવ્યું છે.

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 24 એપ્રિલ (B) 25 એપ્રિલ (C) 26 એપ્રિલ (D) 27 એપ્રિલ — (C)

2. વર્ષ 2024ની 'વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ'ની થીમ શું છે ?

(A) Innovate for a Green Future

(B) IP and the SDGs : Building Our Common Future with Innovation and Creativity

(C) IP and Youth : Innovating for a Better Future

(D) Innovation - Improving Lives — (B)

3. તાજેતરમાં સમાચારમાં રહેલ 'ક્રિસ્ટલ મેઝ 2' શું છે ?

(A) બેલિસ્ટિક મિસાઈલ (B) એસ્ટરોઈડ

(C) અર્થ કોમ્યુનિકેશન સેટેલાઈટ (D) પરમાણુ પ્લાન્ટ — (A)

4. તાજેતરમાં ICCએ 'ICC મેન્સ T-20 વર્લ્ડ કપ 2024' માટે નીચેનામાંથી કોને બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિયુક્ત કર્યા છે ?

(A) યુસૈન બોલ્ટ (B) ક્રિસ ગેલ (C) યુવરાજ સિંહ (D) ઉપરોક્ત તમામ — (D)

5. તાજેતરમાં ભારતીય ખેલાડી શ્રી સૌરવ ઘોસાલે નિવૃત્તિ જાહેર કરી છે. તેઓ કઈ રમત સાથે સંકળાયેલા હતા ?

(A) ક્રિકેટ (B) ફૂટબોલ (C) ટેનિસ (D) સ્કવોશ — (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ વિશ્વનું 10મું સૌથી વ્યસ્ત એરપોર્ટ



દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ (IGI) એરપોર્ટને 2023માં વૈશ્વિક સ્તરે 10મા સૌથી વ્યસ્ત એરપોર્ટ તરીકે સ્થાન આપવામાં આવ્યું છે.

- આ રેન્કિંગ મુસાફરોની સંખ્યા પર આધારિત છે, જેમાં IGI એરપોર્ટ તે વર્ષ દરમિયાન 7.22 કરોડ મુસાફરોને હેન્ડલ કરે છે.
- એરપોર્ટ કાઉન્સિલ ઈન્ટરનેશનલ (ACI) દર વર્ષે આ રેન્કિંગ પ્રદાન કરે છે, જે વૈશ્વિક ઉડ્ડયન નકશા પર એરપોર્ટના નોંધપાત્ર ટ્રાફિક અને મહત્ત્વને પ્રકાશિત કરે છે.
- આ રેન્કિંગ અનુસાર હાર્ટ્સફિલ્ડ–જેક્સન એટલાન્ટા ઈન્ટરનેશનલ એરપોર્ટ જે ATL તરીકે ઓળખાય છે, તે વિશ્વનું સૌથી વ્યસ્ત એરપોર્ટ છે.
- જ્યારે આ રેન્કિંગમાં બીજા નંબર પર દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ છે.

## ચિપકો આંદોલનના 50 વર્ષ પૂર્ણ

ઉત્તરાખંડમાં 1973માં શરૂ થયેલી ઐતિહાસિક પર્યાવરણીય ચળવળ 'ચિપકો આંદોલન'ના તાજેતરમાં 50 વર્ષ પૂર્ણ થયા છે.

### ચિપકો આંદોલન શું હતું



ચિપકો આંદોલન મૂળરૂપે ઉત્તરાખંડના લોકો દ્વારા તેમના જંગલોની સુરક્ષા માટે 1970ના દાયકામાં શરૂ કરાયેલ એક આંદોલન હતું.

- આ આંદોલનની શરૂઆત ઉત્તરાખંડ રાજ્યના ચમોલી જિલ્લામાં થઈ હતી.
- અહીં 2400થી પણ વધુ વૃક્ષો કાપવાનો કોન્ટ્રાક્ટ એક કંપનીને આપવામાં આવ્યો હતો.
- ગાંધીવાદી સામાજિક કાર્યકર ચંડી પ્રસાદ ભટ્ટે સાયમન્ડ્સ (સ્પોર્ટ્સ પ્રોડક્ટનું ઉત્પાદન કરતી કંપની)ને વૃક્ષો કાપવાથી રોકવા માટે ગઢવાલ વિભાગના મંડલની મહિલાઓની રેલી કાઢી હતી.
- ચંડી પ્રસાદ ભટ્ટ, ગૌરાદેવી, સુંદરલાલ બહુગુણા, ઊખાદેવી, ગોવિંદસિંહ રાવત વગેરે ચિપકો આંદોલનના અગ્રણી વ્યક્તિઓ હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- જંગલો કાપવાના વિરોધમાં પુરુષો અને મહિલાઓ જંગલોના કાપને અટકાવવા વૃક્ષને વળગી રહેતા હતા તથા કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓને વૃક્ષ કાપવા દેતા ન હતા.
- ચિપકો આંદોલનને મહિલા ચળવળ તરીકે પણ ઓળખવામાં આવે છે કારણ કે તેના મોટા ભાગના કાર્યકરો મહિલાઓ હતી.
- ચિપકો આંદોલન બાદ કેન્દ્ર સરકારે વન સંરક્ષણ કાયદો પસાર કરીને કાયદો ઘડ્યો હતો.

## અન્ય પર્યાવરણીય ચળવળો

| ચળવળનું નામ | વર્ષ | સ્થળ | મુખ્ય અગ્રણી | વિગત |
|---|---|---|---|---|
| બિશ્નોઈ ચળવળ | 1700 | ખેજૂલી, રાજસ્થાનમાં મનવર પ્રદેશ | અમૃતા દેવી | વૃક્ષોને કપાતા રોકવા માટે |
| સાયલેન્ટ વેલી આંદોલન | 1978 | સાયલેન્ટ વેલી, કેરળ | કેરળ સસ્ત્ર સાહિત્ય પરિષદ | સાયલેન્ટ વેલી હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ સામે આંદોલન |
| એપીકો આંદોલન | 1982 | ઝારખંડના સિંગભૂમ જિલ્લામાં કાંતિપુઝા નદી | આદિવાસીઓ | કુદરતી જંગલને સાગના વાવેતર સાથે બદલવાની સરકારની યોજના સામે |
| નર્મદા બચાવો આંદોલન | 1985 | નર્મદા નદી, ગુજરાત મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર | મેઘા પાટકર, બાબા આમટે, આદિવાસીઓ, ખેડૂતો | નર્મદા નદી પર મોટા ડેમ બનાવવા સામે |
| ટિહરી ડેમ સંઘર્ષ | 1990 | ભગીરથી નદી, ટિહરી ઉત્તરાખંડ | સુંદરલાલ બહુગુણા | શહેરના રહેવાસીઓના વિસ્થાપન અને નબળા ઈકોસિસ્ટમના પર્યાવરણીય પરિણામો સામે વિરોધ |

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | | | | |
|---|---|---|---|---|
| દેહિંગ–પટકાઈ બચાવો | 2019-20 | આસામમાં દેહિંગ પટકાઈ વન્યજીવ અભયારણ્ય | રોહિત ચૌધરી, આદિલ હુસૈન, રણદીપ હુડા, જાદવ પાયેંગ, AASUના સભ્યો | દેહિંગ પટકાઈ અભયારણ્યમાં ખાણકામને મંજૂરી આપવાના નેશનલ બોર્ડ ઓફ વાઈલ્ડ લાઈફના નિર્ણય સામે આંદોલન |
| સુંદરવન બચાવો | 2020 | પશ્ચિમ બંગાળ | ઓલ આસામ સ્ટુડન્ટ યુનિયન અને ઓલ આસામ મટક યુથ સ્ટુડન્ટ્સ યુનિયન | મે 2020માં ચક્રવાત અમ્ફાન પછી સુંદરવન મેન્ગ્રોવ જંગલો માટેના જોખમો વિશે જાગૃતિ લાવવાનું અભિયાન |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરના એરપોર્ટ કાઉન્સિલ ઈન્ટરનેશનલ (ACI)ના રેન્કિંગ મુજબ 'ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ' 2023માં વિશ્વના સૌથી વ્યસ્ત એરપોર્ટમાં કયો ક્રમ ધરાવે છે ?

(A) 4 (B) 6 (C) 8 (D) 10 **(D)**

2. તાજેતરમાં ચિપકો આંદોલનના કેટલા વર્ષ પૂર્ણ થયા છે ?

(A) 50 (B) 45 (C) 30 (D) 25 **(A)**

3. પર્યાવરણ સંબંધિત 'સાયલેન્ટ વેલી' આંદોલન 1978માં કયા રાજ્યમાં થયું હતું ?

(A) ગોવા (B) મધ્યપ્રદેશ (C) ઉત્તરાખંડ (D) કેરળ **(D)**

# NEWS IN SHORTS

## ભારત

**➤ તેલંગાણામાં પુરાતત્વીય સ્થળો શોધાયા**

તાજેતરમાં પ્રોફેસર કે.પી. રાવની આગેવાની હેઠળ પુરાતત્વવિદોની ટીમ દ્વારા તેલંગાણામાં ત્રણ નવા પુરાતત્વીય સ્થળોની શોધ કરવામાં આવી હતી. 200થી વધુ સ્મારકો ધરાવતી એક અનોખી આયર્ન એજ મેગાલિથિક સાઈટ, જેમાં 'ડોલ્મેનોઈડ સિસ્ટ' તરીકે ઓળખાતું એક નવા પ્રકારનું મેગાલિથિક સ્મારક છે, જે ભારતમાં બીજે ક્યાંય જોવા મળતું નથી. તે તેલંગાણાના બંદાલા ગામ પાસે ઓરાગુટ્ટા નામના સ્થળેથી મળી આવ્યું હતું. એવો અંદાજ છે કે આ સ્મારકો લગભગ 1000 ઈ.સ. પૂર્વેના છે.

**➤ સ્વાયત્તતાનું બંધારણીય વચન : કલમ 244 (A)**

તાજેતરમાં આસામના દીફૂ લોકસભા મતવિસ્તારના તમામ રાજકીય પક્ષોના ઉમેદવારોએ, જે મુખ્યત્વે આદિવાસી વિસ્તાર છે તેમણે બંધારણની કલમ 244(A)ને લાગુ કરવાનું વચન આપ્યું છે. જેનો ઉદ્દેશ્ય 'રાજ્યની અંદર સ્વાયત્ત રાજ્ય' સ્થાપિત કરવાનો છે. આ પ્રદેશમાં સ્વાયત્તતાની માંગ એક અલગ પહાડી રાજ્ય માટે 1950ના દાયકાના આંદોલનથી ચાલતી આવી રહી છે. 1972માં મેઘાલયની રચના થઈ હોવા છતા કાર્બી આંગલોંગ પ્રદેશના નેતાઓએ અનુચ્છેદ 244(A) દ્વારા સ્વાયત્તતાની આશા રાખીને આસામ સાથે રહેવાનું પસંદ કર્યુ છે. ભારતીય બંધારણના ભાગ 10માં અનુચ્છેદ 244(A) 'અનુસૂચિત વિસ્તારો' અને 'આદિજાતિ વિસ્તારો' તરીકે નિયુક્ત અમુક વિસ્તારો માટે વહીવટની એક વિશેષ પ્રણાલીની કલ્પના કરે છે. અનુચ્છેદ 244(A)ને બાવીસમાં સુધારા અધિનિયમ, 1969 દ્વારા બંધારણમાં ઉમેરવામાં આવ્યો હતો. તે સંસદને આસામ રાજ્યની અંદર છઠ્ઠી અનુસૂચીમાં ઉલ્લેખિત તમામ અથવા કેટલાક આદિવાસી વિસ્તારોને સમાવતા સવાયત્ત રાજ્યની સ્થાપના માટે કાયદો બનાવવાની મંજૂરી આપે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **તેલંગાણામાં ઈશ્વાકુ સમયગાળાના સિક્કા મળી આવ્યા**

તાજેતરમાં તેલંગાણાના પુરાતત્વ વિભાગે હૈદરાબાદથી 110 કિ.મી. દૂર સ્થિત પ્રસિદ્ધ બૌદ્ધ ધરોહર સ્થળ ફનીગીરી ખાતે માટીના વાસણમાં 3,730 સીસાના સિક્કાનો સંગ્રહ શોધી કાઢ્યો હતો. 16.7 સેમી વ્યાસ અને 15 સેમિની ઊંચાઈ ધરાવતું ગોળાકાર વાસણ જમીનના સ્તરથી 40 સે.મી.ની ઊંડાઈએ દક્ષિણના મઠના કોષમાં જોવા મળ્યું હતું. વાસણ અંદરથી તુટેલા બાઉલના પાયાથી ઢંકાયેલું હતું. પુરાતત્વવિદોએ તારણ કાઢ્યું કે તમામ સિક્કાઓ દેખાવમાં સમાન છે અને સીસાના બનેલા છે. તેમાં આગળની બાજુએ હાથીનું પ્રતીક છે અને તેના પાછળના ભાગમાં ઉજ્જૈનનું પ્રતીક છે, તે ઈશ્વાકુ સમયગાળા સાથે સંબંધિત છે. ફનીગીરી/ફણીગીરી ગામ હૈદરાબાદમાં મુસી નદીની ઉપનદી બિક્કેરુ નદીના ડાબા કાંઠે આવેલું છે.

## વિશ્વ

➤ **ટાઈગર લેન્ડસ્કેપ કોન્ફરન્સ માટે સસ્ટેનેબલ ફાઈનાન્સ**



ભૂટાન સરકારે આગામી દાયકામાં સમગ્ર એશિયામાં વાઘ અને તેમના રહેઠાણોના સંરક્ષણ માટે 1 બિલિયન અમેરિકન ડોલર એકત્ર કરવા પૃથ્વી દિવસ 2024 પર ટાઈગર લેન્ડસ્કેપ કોન્ફરન્સ માટે સસ્ટેનેબલ ફાઈનાન્સનું આયોજન કર્યુ હતું. ભૂટાનની રાણી જેત્સુન પેમા વાંગચુકના આશ્રય હેઠળ બે દિવસીય કોન્ફરન્સનું આયોજન કરવામાં આવશે. તે વાઘના લેન્ડસ્કેપના સંરક્ષણ માટે 10 વર્ષમાં 1 બિલિયન અમેરિકન ડોલર એકત્ર કરવાનું લક્ષ્ય રાખે છે. જૈવવિવિધતા જાળવવા કાર્બનને અલગ કરવા, 100 મિલિયનથી વધુ લોકોને સંસાધનો પૂરા પાડવા અને પૃથ્વીના એકંદર આરોગ્યની ખાતરી કરવા માટે વાઘના લેન્ડસ્કેપનું સંરક્ષણ કરવું મહત્ત્વપૂર્ણ છે.

➤ **નેક્સ્ટ જનરેશન સોડિયમ બેટરીઓ**

તાજેતરમાં દક્ષિણ કોરિયાના વૈજ્ઞાનિકોએ આગામી પેઢીની સોડિયમ બેટરી વિકસાવી છે જે માત્ર થોડીક સેકન્ડોમાં ચાર્જ થઈ શકે છે. આ નવી હાઈબ્રિડ સોડિયમ આયન બેટરીઓ સુપરકેપિસિટરમાં વપરાતી પરંપરાગત બેટરીઓ સાથેની સામગ્રીને જોડે છે. સોડિયમ (Na) પણ લિથિયમ કરતા 500 ગણો વધુ વિપુલ પ્રમાણમાં છે, જ્યારે તેની લિ–આયન બેટરી કરતા વધુ ચાર્જ અને કાર્યક્ષમતા માટે સંભવિત છે.

➤ **Trends in World Military Expenditure, 2023 રિપોર્ટ**

તાજેતરમાં SIPRI (સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ)એ 'વિશ્વ લશ્કરી ખર્ચમાં વલણો, 2023 રિપોર્ટ' (Trends in World Military Expenditure, 2023) બહાર પાડ્યો હતો. જે વૈશ્વિક લશ્કરી ખર્ચને પ્રકાશિત કરે છે. અમેરિકા, ચીન અને રશિયા બાદ 83.6 બિલિયન ડોલરના સૈન્ય ખર્ચમાં ભારત ચોથા ક્રમે છે. નાટો દેશોનો કુલ ખર્ચ 1341 બિલિયન ડોલર હતો, જે વૈશ્વિક ખર્ચના 55%નો સમાવેશ કરે છે. રિપોર્ટમાં રશિયાના યુક્રેન આક્રમણ અને ભૌગોલિક રાજકીય તણાવ માટે 2443 બિલિયનના રેકોર્ડ–ઉચ્ચ વૈશ્વિક લશ્કરી ખર્ચને આભારી છે.



1. તાજેતરમાં સમાચારમાં રહેલ વીરનમ તળાવ કયાં આવેલું છે ? – ચેન્નાઈ
2. પ્રથમ કાચનો સ્કાયવોક પુલ _____ માં તુલસી વોટરફોલ પર આવેલો છે. – ચિત્રકૂટ, ઉત્તરપ્રદેશ
3. કતાર સામે ACC મેન્સ T20I પ્રીમિયર કપ મુકાબલામાં એક જ ઓવરમાં છ છગ્ગા મારનાર નેપાળી ક્રિકેટર કોણ છે ? – શ્રી દિપેન્દ્ર સિંહ
4. કયા દેશે જાપાન અને ફિલિપાઈન્સ સાથે પ્રથમ ત્રિપક્ષીય સમિટનું આયોજન કર્યુ હતું ? – યુનાઈટેડ સ્ટેટ્સ
5. દર વર્ષે કયા દિવસે આંતરરાષ્ટ્રીય પાઘડી દિવસ ઉજવવામાં આવે છે ? – 13 એપ્રિલ
6. ભારતના કયા રાજ્યની ન્યાશી જનજાતિ પ્રાણીઓના બલિદાન વિના લોંગટે તહેવાર ઉજવે છે ?– અરૂણાચલ પ્રદેશ
7. તાજેતરમાં ડેરેક અંડરવૂડનું નિધન થયું છે, તેઓ કયા દેશના પ્રસિદ્ધ ક્રિકેટર હતા ? – ઈંગ્લેન્ડ
8. નેશનલ જ્યુડિશિયલ એકેડેમી (NJA)ના નવા ડિરેક્ટર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – અનિરુદ્ધ બોઝ
9. પોંડિચેરી પછી ભારતમાં કૃત્રિમ ખડકોનું બીજું સ્થાપન કયાં સ્થિત છે ? – મુંબઈ
10. ભારતે ભૂકંપ પ્રભાવિત વિસ્તારો માટે સહાય સહિત એમ્બ્યુલન્સ અને સ્કૂલ બસો કયા દેશને દાનમાં આપી છે ? – નેપાળ
11. ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) યુરોપિયન સ્પેસ એજન્સી (ESA) સોલાર સ્ટડી મિશન _____ લોન્ચ કરવા માટે તૈયાર છે. – પ્રોબા-3
12. BharatPeના મુખ્ય કાર્યકારી અધિકારી તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – નલિન નેગી
13. ભારતમાં રૂફટોપ સોલાર ઈન્સ્ટોલેશન ગોઠવવા માટે કઈ કંપનીએ Apple સાથે સહયોગ કર્યો છે ? – Cleanmax
14. તાજેતરમાં 'ટાગોર ઓન ધ પદ્મ બોટ' કાર્યક્રમ કયા દેશમાં આયોજિત કરવામાં આવ્યો હતો ? – બાંગ્લાદેશ
15. કઈ કંપનીએ ભારતની પ્રથમ સ્થાનિક રીતે ઉત્પાદિત ઈલેક્ટ્રિક ડમ્પ ટ્રક લોન્ચ કરી છે ? – Sany India
16. વર્લ્ડ ફ્યુચર એનર્જી સમિટ 2024નું આયોજન કયા શહેરમાં કરવામાં આવ્યું હતું ? – અબુધાબી
17. 'જસ્ટ અ મર્સેનરી ? : નોટ્સ ફ્રોમ માય લાઈફ એન્ડ કરિયર' નામના સંસ્મરણના લેખક કોણ છે ? – દુવવુરી સુબ્બારાવ
18. ઈન્ડિયા–ધ રોડ ટુ રેનેસાન્સ : એ વિઝન એન્ડ એન એજન્ડા' પુસ્તકના લેખક કોણ છે ? – ભીમેશ્વર ચલ્લા
19. કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરાયેલ ગ્રીન ક્રેડિટ પ્રોગ્રામ (GDP)ના અમલીકરણમાં કયું રાજ્ય અગ્રેસર છે ? – મધ્યપ્રદેશ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

20. એપ્રિલ, 2024માં જનરલ મનોજ પાંડેની મુલાકાત દરમિયાન કયા દેશની સશસ્ત્ર દળોની એકેડેમીએ હાઈ–ટેક IT લેબોરેટરીનું ઉદ્દ્ઘાટન કર્યુ છે ? – ઉઝબેકિસ્તાન
21. કયા શહેરના એરપોર્ટને Skytrax તરફથી 'Best Airport Staff in India & South Asia 2024'નો એવોર્ડ મળ્યો છે ? – હૈદરાબાદ
22. 2024માં 13મી યુરોપિયન ગર્લ્સ મેથેમેટિકલ ઓલિમ્પિયાડ (EGMO) ક્યાં યોજાઈ હતી ? – જ્યોર્જિયા
23. તાજેતરમાં સમાચારમાં જોવા મળેલી ગોલ્ડન ટ્રેવલી કઈ પ્રજાતિની છે ? – માછલી
24. તાજેતરમાં મહાસાગર દાયકા પરિષદ 2024 ક્યાં યોજાઈ હતી ? – બાર્સેલોના, સ્પેન
25. તાજેતરમાં સમાચારમાં જોવા મળેલું ગોપાંગ ગઢ હિમનદી તળાવ કયા રાજ્યમાં આવેલું છે ? – હિમાચલ પ્રદેશ
26. તાજેતરમાં સમાચારમાં જોવા મળેલ સેંગ ખિહલાંગ તહેવાર કયા રાજ્યમાં ઉજવવામાં આવે છે ? – મેઘાલય
27. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા સ્થળે ભગવાન મહાવીર નિર્વાણ મહોત્સવનું ઉદ્દ્ઘાટન કર્યુ હતું ? – નવી દિલ્હી
28. નવી દિલ્હીમાં એક વિશાળ સંશોધન કેન્દ્ર ચલાવવા માટે ભારતે તાજેતરમાં કયા દેશ સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા ? – રશિયા
29. તાજેતરમાં કયા દેશે પ્યોલોજી 1-2 એન્ટી એરક્રાફ્ટ મિસાઈલનું પરીક્ષણ કર્યુ છે ? – ઉત્તર કોરિયા
30. તાજેતરમાં સમાચારમાં જોવા મળતું કેપ્રી શહેર કયા દેશમાં આવેલું છે ? – ઈટાલી
31. તાજેતરમાં સમાચારમાં જોવા મળેલો નાર્ગોનો–કારાખાબ પ્રદેશ કયા પર્વતીય પ્રદેશમાં આવેલો છે ? – દક્ષિણ કાકેશસ શ્રેણી
32. ભારત સાથેના સબંધોને મજબૂત કરવા માટે કયા દેશે પ્રથમ હિન્દી રેડિયો પ્રસારણ શરૂ કર્યુ છે ? – કુવૈત
33. કઈ ડેરી બ્રાન્ડે 2024 T-20 વર્લ્ડ કપ માટે આયર્લેન્ડ અને સ્કોટલેન્ડ ક્રિકેટ ટીમોની સ્પોન્સરશિપની જાહેરાત કરી છે ? – નંદિની ડેરી
34. 2024માં વર્લ્ડ પ્રેસ ફોટો ઓફ ધ યર એવોર્ડ કોણે જીત્યો છે ? – મોહમ્મદ સાલેમ
35. ઈન્ડોનેશિયામાં યુએન રેસિડેન્ટ કોઓર્ડિનેટર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – ગીતા સભરવાલ
36. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી (AMU)ના પ્રથમ મહિલા વાઈસ ચાન્સેલર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – નઈમા ખાતુન
37. પૃથ્વી દિવસની ઉજવણી માટે ભારતની સૌથી મોટી આબોહવા ઘડિયાળનું અનાવરણ ક્યાં કરવામાં આવ્યું હતું ? – નવી દિલ્હી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

38. લાંબાગાળે કેન્સર થવાનો કથિત કયા પદાર્થને કારણે હોંગકોંગ અને સિંગાપોરમાં મસાલાના પાવડર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો ? – ઈથિલિન ઓક્સાઈડ

39. રોઈંગમાં ભારતનો પ્રથમ પેરિસ ઓલિમ્પિક ક્વોટા કોણે મેળવ્યો છે ? – બલરાજ પંવાર

40. કયા દેશે ચંદ્રની દૂરની બાજુથી નમૂનાઓ એકત્ર કરવા માટે ચાંગ 'ઈ–6 પ્રોબ લોન્ચ કર્યુ હતું ? – ચીન

41. તાજેતરમાં 7મી ભારત–ઈન્ડોનેશિયા સંયુક્ત સંરક્ષણ સહકાર સમિતિની બેઠક કયાં યોજાઈ હતી ? – નવી દિલ્હી

42. તાજેતરમાં કોણે ભારતનું સૌથી હલકું બુલેટ પ્રૂફ જેકેટ વિકસાવ્યું છે ? – DRDO

43. તાજેતરમાં કયા દેશે રવાન્ડાની સલામતી (આશ્રય અને ઈમિગ્રેશન) બિલ પસાર કર્યુ હતું ? – યુનાઈટેડ કિંગ્ડમ

44. 'વર્લ્ડ ઈમ્યુનાઈઝેશન વીક 2024'ની થીમ શું છે ? – Humanly Possible Immunization for All

45. તાજેતરમાં ડિઝાસ્ટર રેઝિલિએન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર આંતરરાષ્ટ્રીય પરિષદની છઠ્ઠી આવૃત્તિ કયાં યોજાઈ હતી ? – નવી દિલ્હી

46. તાજેતરમાં કઈ સંસ્થાને આઉટસ્ટેન્ડિંગ પબ્લિક સેક્ટર અંડરટેકિંગ (PSU) ઓફ ધ યર એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે ? – HAL

47. ગ્લોબલ રિપોર્ટ ઓન ફૂડ ક્રાઈસિસ (GRFC), 2024 જે તાજેતરમાં સમાચારમાં છે તે દર વર્ષે કઈ સંસ્થા દ્વારા બનાવવામાં આવે છે ? – FSIN

48. પ્રબોવો સુબિયાન્ટોની કયા દેશના નવા રાષ્ટ્રપતિ તરીકે નિમણૂક કરવામાં આવી છે ? – ઈન્ડોનેશિયા

49. પ્રધાનમંત્રી સૂર્ય ઘર મફત બિજલી યોજના હેઠળ સૌર ઊર્જા અપનાવવા માટે લોન આપવા માટે કઈ બેંકે ટાટા પાવર સોલાર સિસ્ટમ સાથે ભાગીદારી કરી ? – ઈન્ડિયન બેંક

50. તીરંદાજી વર્લ્ડ કપ 2024 કયાં શરૂ થયો છે ? – શાંઘાઈ

51. ભારતના પ્રથમ બહુહેતુક ગ્રીન હાઈડ્રોજન પાયલોટ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કયાં થયું હતું ? – હિમાચલ પ્રદેશ

52. પ્રથમ ગલ્ફ યુથ ગેમ્સ ઉદ્ઘાટન સમારોહ કયાં યોજાયો હતો ? – દુબઈ

53. કઈ કંપનીએ 2027 સુધી FIFA સાથે તેના વિશિષ્ટ ઊર્જા ભાગીદાર તરીકે ભાગીદારી કરી છે ? – Aramco

54. આગામી ICC મહિલા T-20 વર્લ્ડ કપ ક્વોલિફાયર માટે એમ્બેસેડર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – સના મીર

55. તાજેતરમાં WFIના એથ્લેટ્સ કમિશનના અધ્યક્ષ તરીકે કોણ ચૂંટાયા છે ? – નરસિંહ યાદવ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT